**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : આરતી ભટ્ટ**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 16-08-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

---

## ઇસરો-લઘુ ઉપગ્રહ પ્રક્ષેપણ

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા- ઇસરોએ આજે સવારે નવ વાગીને 17 મિનિટે લઘુ ઉપગ્રહ પ્રક્ષેપણ યાન-SSLV-D3નું સફળતાપૂર્વક પ્રક્ષેપણ કર્યું છે. આ યાન 175 કિલોગ્રામ વજનના પૃથ્વી અવલોકન ઉપગ્રહ-EOS-શૂન્ય-આઠ તેમજ અન્ય એક નાના ઉપગ્રહ SR-શૂન્ય સાથે રવાના થયું હતું.

ઇસરોએ પૃથ્વીની નીચલી કક્ષામાં 500 કિલોગ્રામ સુધીના ઉપગ્રહ લઈ જવા માટે આ પ્રક્ષેપણ યાન વિકસાવ્યું છે, જેની લંબાઈ 34 મીટર જ્યારે વજન 119 ટન જેટલું છે. અંદાજે 56 કરોડ રૂપિયાની કિંમતે તેને વિકસાવવામાં આવ્યું છે.

**RNU અમદાવાદ**

---

## ભૂ.પ્ર.મંત્રી અટલ બિહારી વાજપેયીને શ્રદ્ધાંજલિ

દેશ આજે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ભારત રત્ન અટલ બિહારી વાજપેયીની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં સદૈવ અટલ સ્મારક ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી. કેન્દ્રિય મંત્રીઓ  સહિત અન્ય અગ્રણી નેતાઓએ પણ શ્રદ્ધાંજલિ આપી હતી.

**RNU અમદાવાદ**

---

## નેશનલ ફિલ્મ એવોર્ડ 'કચ્છ એક્સપ્રેસ' ફિલ્મને

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે જાહેર થયેલા ૭૦માં નેશનલ ફિલ્મ એવોર્ડ્સ-૨૦૨૨માં ગુજરાતી ફિલ્મ કચ્છ એક્સપ્રેસને મળેલા ત્રણ-એવોર્ડ સન્માન માટે આ ફિલ્મનાં નિર્માતા, દિગ્દર્શક અને કલાકાર કસબીઓને અભિનંદન પાઠવ્યા છે.

ગ્રામીણ નારી શક્તિ સંગઠનો દ્વારા સ્થાનિક હસ્તકલા અને અન્ય કલા કારીગરીની વસ્તુઓને પ્રમોટ કરવાના કથાનક પર આ કચ્છ એક્સપ્રેસ ફિલ્મ આધારિત છે. ૭૦માં નેશનલ ફિલ્મ એવોર્ડ-૨૦૨૨માં આ હેતુસર કચ્છ એક્સપ્રેસને બેસ્ટ ફિચર ફિલ્મ પ્રોમોટીંગ નેશનલ, સોશિયલ વેલ્યુસ માટેનો એવોર્ડ જાહેર કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી પટેલે ગુજરાતી ફિલ્મોના ઈતિહાસની ગૌરવવંતી ઘટના ગણાવતા

વિચાર પ્રેરક કથાનક અને ઉત્કૃષ્ઠ કલાકસબ ધરાવતી વધુને વધુ ગુજરાતી ફિલ્મોનું નિર્માણ થતુ રહેશે તેવી અભ્યર્થના વ્યક્ત કરી છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## મોટા યક્ષનો મેળો

નખત્રાણામાં યોજાતા મિની તરણેતર ગણાતા મોટા યક્ષના લોકમેળો આગામી તારીખ 22થી 25 સપ્ટેમ્બર ચાર દિવસ યોજાશે. આ વખતે આ લોકમેળા અંગે આગામી ટૂંક સમયમાં ગ્રામજનો, અગ્રણીઓની બેઠક યોજાશે. જેમાં મેળા સમિતિના હોદેદારો વરાશે. મેળામાં મનોરંજન, ખાણીપીણી - સહિતના ૭૦૦ જેટલા સ્ટોલ - ઉભા થશે. ૧૭ એકરની વિશાળ - જમીન પર લોકમેળો યોજાશે. બીજીતરફ ધ્વજારોહણ, લોકમેળામાં સંતવાણી, પેડી, બખમલાખડો સહિતના કાર્યક્રમનું આયોજન થશે. સમગ્ર ભોવા પરિવાર, દાદાના સેવકો, ગ્રામજનો, ગ્રામ પંચાયત અને વહિવટીતંત્રના સહયોગથી ચાર દિવસીય મેળો યોજાશે.

**N.P.\ આરતી ભટ્ટ**

---------------------------------------------------------------------

## પોલીસ કર્મચારીઓને રાષ્ટ્રપતિ મેડલ

ગુજરાત રાજ્ય પોલીસમાં ફરજ બજાવતા 21 અધિકારી અને કર્મચારીઓને રાષ્ટ્રપતિ મેડલ ગઇકાલે જાહેર કરાયા. જેમાં બે વિશિષ્ટ સેવા પોલીસ ચંદ્રક, જ્યારે 19 પ્રસંશનીય સેવા અંગેના પોલીસ ચંદ્રક છે.

**N.P. / આશુતોષ અંતાણી**

---------------------------------------------------------------------------

## સાંસ્કૃતિક સંવર્ધક એવોર્ડ

જિલ્લા મથક ભુજમાં આવતીકાલે શનિવારે ભુજિયા મેમોરિયલ સ્મૃતિવ સંગ્રાહલયના ઓડિટોરીયમ ખાતે સાંજે કલાતીર્થ ટ્રસ્ટ સુરત દ્વારા સંસ્કૃતિક સંવર્ધક એવોર્ડ એનાયત સમારોહ યોજાશે. જેમાં 12 કલા અને સંસ્કૃતિક ક્ષેત્રે સંશોધન કરતા સંશોધકો અને લેખકોને સંસ્કૃતિક સંવર્ધક એવોર્ડથી સનમાનવામાં આવશે.

**N.P. / આશુતોષ અંતાણી**

---------------------------------------------------------------------------

## નર્મદા કેનાલમાં ડૂબી જવાથી મૃત્યુ

કચ્છ ના આદિપુર નજીક થી પસાર થતી નર્મદા કેનાલમાં ડૂબી જવાથી બે તરુણ ના મોત નીપજયા છે

17 અને 14 વર્ષના બે  કિશોરો કેનાલમાં  ન્હાવા ગયા હતા ત્યારે અકસ્માત થી પગ લપસતા બંને પાણી માં ડૂબી ગયા હતા  ફાયર બ્રિગેડની ટીમ દ્વારરા બનેના  મૃતદેહને બહાર કઢાયા હતા.  પોલીસે

ઘટના બાબતે વધુ તપાસ હાથ ધરી છે. બને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રામબાગ હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે.

**RNU અમદાવાદ**

---

## રાષ્ટ્રવ્યાપી હડતાલ-ભુજ જી.કે.ના ડોક્ટરો જોડાયા

કલકતાની મેડિકલ કોલેજમાં મહિલા તબીબ પર થયેલ દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં આજે ઇન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા ડોક્ટરોની રાષ્ટ્રવ્યાપી હડતાલનું એલાન અપાયું હતું. જેમાં ભુજની જી.કે. અદાણી હોસ્પિટલ તેમજ મેડિકલ કોલેજના નિવાસી તબીબો શાંતિપૂર્ણ હડતાલ તેમજ રેલીમાં જોડાયા હતા, ત્યારબાદ ધરણા કરી આરોપીઓને પકડીને કડક કાર્યવાહી સાથે મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિમ કરવાની માંગ કરી હતી.

**N.P.\ આરતી ભટ્ટ**

---